**ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ.**
**રેફરન્સ ટી.નં. ૨૨/૨૦૧૮**

**આંક : ૧૨**

**પ્રથમ પક્ષકાર :** આર.એફ.ઓ.શ્રી,
વિસ્તરણ રેન્જ,બસ સ્ટેન્ડ સામે,
મુ.પો.તા.હાલોલ,જી.પંચમહાલ.

**:: વિરુધ્ધ ::**

**બીજા પક્ષકાર :** શ્રી ભાનુપ્રસાદ કાંતીલાલ શ્રીમાળી
પંચાયત પાર્કીગની બાજુમાં,ચાની લારી,
ઉપર માળે,મ.પો.પાવાગઢ,તા.હાલોલ.
જી.પંચમહાલ.

**હાજર રહયા :**

પ્રથમ પક્ષકાર તરફે :– વિધ્વાન સરકારી વકીલશ્રી ડી.જી.પી.શ્રી
બીજા પક્ષકાર તરફે :– ગેરહાજર.

**વિષય : – ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાયનિર્ણય કરવા બાબત**

**– :: એવોર્ડ ::–**

મદદનીશ શ્રમ આયુકતશ્રી ગોધરાએ તેમના તા.૦૫/૦૭/૨૦૧૮ ના હુકમ નં. કે. એચ. એસ. એચ.એમ. સી/એ/૩૯૧૬ થી સદરહું રેફરન્સ ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ છે જેની અનુસુચિ નીચે મુજબ છે.

**–:: અનુસુચિ ::–**

શ્રી ભાનુપ્રસાદ કાંતીલાલ શ્રીમાળીને તેની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

સદર રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ બીજા પક્ષકારે આંક–૩ થી માંગણાાનુ નિવેદન રજુ કરેલ છે. બાદ પ્રથમ પક્ષકાર તરફે આંક–૯ થી બીજા પક્ષકારના માંગણા નિવેદન વિરૂધ્ધ લેખિત જવાબ રજુ કરેલ છે. બાદ પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૦ થી દસ્તાવેજો પણ રજુ કરવામાં આવેલ છે.ત્યારબાદ આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૧ ના લીસ્ટથી નિ.૧૧/૧ થી બીજા પક્ષકારના મરણના પ્રમાણપત્રની નકલ તથા ગુજરનારના આધારકાર્ડની નકલ રજુ કરેલ છે. ત્યારબાદ બીજા પક્ષકારને ઈન્ટીમેશન નોટીસ કાઢવામાં આવેલ છે જે બજી ગયેલ છે તેમ છતાં બીજા પક્ષકારના કોઈ વારસો રેકર્ડ પર આવેલ નથી કે તેઓ ધ્વારા હાજર રહી આવી કોઈ અરજી પણ આપેલ નથી તેવા સંજોગોમા આ કામના બીજા પક્ષકાર મરણ ગયેલ હોઈ નિયતસમયમાં તેઓના કોઈ વારસદાર રેકર્ડ પર આવેલ ન હોઈ અદાલત પાસે હાલની અરજી એબેટ કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) મુળ બીજા પક્ષકારનો રેફરન્સ તેઓના વારસો પક્ષકાર તરીકે જોડાયેલા ન હોઈ એબેટ કરવામાં આવે છે.

**તા.૧૦.૦૧.૨૦૨૩**
**ગોધરા.**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**કોડ નં.GJ01459**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**